# આનંદાલય

## અર્ધવાર્ષિક પરીક્ષા

## ધોરણ -૬

વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૩૦

તા: ૨૦.૦૯.૨૦૨૫ | સમય : ૧ કલાક ૩૦ મિનિટ

**પ્રશ્ન:૧ નીચે આપેલ ગદ્યાંશ વાંચીને પ્રશ્નોનાં જવાબ લખો.** **(૪×૧=૪)**

આપણી પાસે બુદ્ધિની અને જ્ઞાનની આટલી બધી શક્તિઓ છે, છતાં જીવનના રહસ્યો વિશે આપણે ઓછું જાણીએ છીએ. એની ગુપ્ત પ્રક્રિયાઓ વિશે તો માત્ર કલ્પના જ કરી શકીએ છીએ પણ જીવનનું જે સૌન્દર્ય છે તેનો આનંદ તો આપણે માણી શકીએ છીએ. આપણે ભલે દેવ જેવું સર્જનકાર્ય પણ કરી શકીએ છીએ. આપણે ભલે દુર્બળ અને ભૂલો કરતા મનુષ્યો હોઈએ, આપણો જીવનપટ ભલે નાનકડો અને અસ્થિરતાથી ભરેલો હોય, છતાં આપણામાં અમર દેવોના જેવુ કોઈક તત્વ પણ છે. એટલે આપણે માનવ છીએ, એટલા માટે માનવની રીતના જ વિચાર કરવા જોઈએ તેવું કહેનારની વાત માનવાની જરૂર નથી. આપણાથી બની શકે તેટલી આપણે અમરતાની સાધના કરવી જોઈએ અને આપણામાં જે સવોત્તમ મહત્વ રહેલું છે તેની સાથે મેળમાં રહીને જીવવાનો સંપૂર્ણ પુરુષાર્થ કરવો જોઈએ.

૧ આપણી પાસે કઈ કઈ શક્તિઓ છે ?

૨ આપણે શું ઓછુ જાણીએ છીએ ?

૩ આપણો જીવનપટ શેનાથી ભરેલો છે?

૪ આપણાથી બની શકે એટલું શું કરવું જોઈએ ?

**પ્રશ્ન:૨(અ) કૌસમાં આપેલા શબ્દો યોગ્ય જગ્યાએ મુકી અને તેની નીચે લાઈન કરી ફકરો ફરીથી લખો.** (૮×½=૪)

**( મોટા, નાનકડું, મધુર, કેસરી, લીલાછમ, નાના, રંગબેરંગી, પિત્તળનો)**

એક_______ગામ હતું. ગામમાં આશરે સવાસો ઘર હતા. કોઈના ઘર_______ તો વળી કોઈના ઘર _______. ગામમાં સરસ મંદિર. તેના પર _______ ધજા ફરકે. એના આંગણામાં _______ ઝાડવા. તેની ઉપર _______ પક્ષીઓ આવ્યા કરે. મંદિરમાં _______ નો ઘંટ બાંધેલો.તેનો _______ રણકાર આખા ગામમાં ફરી વળે.

**(બ) નીચે આપેલા વાક્યો ખરાં છે કે ખોટાં તે લખો.** (૪×½=૨)

૧ માછલીઓ આનંદ કરી રહી છે.

૨ પક્ષીઓ કદી પણ એકબીજા સાથે ઝઘડતા નથી.

3 સ્ત્રીઓ પોતાના બાળકોને ઘરે મુકીને ખેતરે જાય છે.

૪ પક્ષીઓ આકાશમાં સુખ-દુ:ખની વાતો કરે છે.

(ક) **નીચે આપેલો ફકરોનું વાંચન કરો અને તેમાંથી પાંચ કે વધુ અક્ષરવાળા આઠ શબ્દો શોધીને લખો.** **(૮×½=૪)**

પુસ્તકાલયમાં મારી નજર એક સજ્જન માણસ પર પડી. તેમનો ચહેરો ચમકદાર હતો. તેમનો પોશાક પણ પ્રભાવશાળી હતો. મને તે ખુશમિજાજી લાગ્યા. તેમના હાથમાં આરોગ્યવિજ્ઞાનનું પુસ્તક હતું. તેમનો ચહેરો જોયેલો લાગ્યો. મને યાદ આવ્યું હતું કે તે નિવૃત્ત મામલતદાર હતા. તે ઉચ્ચ કક્ષાના નોકરીયાત હતા. તેમના જબરદસ્ત દેશાભિમાન વિશે મેં સાંભળ્યું હતું. મેં તેમની પાસે જઈ ચરણસ્પર્શ કર્યા. પ્રવાસ દરમિયાન અમારી મુલાકાત વિશાખાપટ્ટનમમાં થયેલી.

(ડ) **નીચે આપેલા ફકરામાં લીટી દોરેલા શબ્દોની જગ્યાએ તે શબ્દનો વિરોધી શબ્દ લખીને ફકરો ફરીથી લખો.** **(૪×૧=૪)**

**(ઓત્તર, આશિષ, ઉપર,નાનુ)**

ઋષિએ સાપને **શાપ** આપ્યો. તેઓ **દખ્ખણ** દિશામાં ચાલવા લાગ્યા. ત્યાં **મોટું** રણ આવ્યું. તે **નીચે** જોઈને મંત્રોચ્ચાર કરવા લાગ્યા.

(ઇ) **નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય શબ્દ વડે ભરીને ફરીથી લખો.** **(૨×૧=૨)**

૧ હિરવાએ પોતુ કરેલું એ જગ્યામાં __________ એ પગલા પાડ્યા હતા.

૨ બગીચાના _________ ની છાયામાં બેસીને છોકરાઓ ખૂબ અભ્યાસ કરે છે.

**પ્રશ્ન:3 નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક બે વાક્યમાં લખો.** **(૪×૧=૪)**

૧ પંખીઓ કોનું ગાન કરે છે ?

૨ 'મેહુલે માંડ્યા મંડાણ' એટલે શું?

3 ઔષધબાગમાં કઈ કઈ વનસ્પતિ હોઈ શકે ?

૪ ઓમ હીરવાને ઘરના કયા કયા કામમાં મદદ કરે છે ?

**પ્રશ્ન:૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો.** **(3×૨=૬)**

૧ કયા કયા વૃક્ષો ઉછેરવામાં સંસ્કારને સફળતા ન મળી ? કેમ ?

૨ મેહુલાના આગમનથી ધરતી પર કેવા પરિવર્તન જોવા મળે છે ?

3 ઓમે ' જાદુ થાય જાદુ ! ' એવું કેમ અને ક્યારે કહ્યું ?